P.R.O

-: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:

નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૯ /૨૦૧૭

હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા.૨૬.૦૧.૨૦૧૭ ના ક.૦૦.૦૦ વાગ્યાથી તા.૦૯.૦૨.૨૦૧૭ ના ક.૨૪.૦૦** વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**અપવાદ :** આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૯/૦૧/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર